# નિષ્ક્રમણ એટલે બાળકને પ્રથમ ઘર બહાર લાવવું, તે ત્રીજા મહિને થતો સંસ્કાર હતો

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

## શૈશવ સમયના સંસ્કારો

(ગતાંકથી આગળ...)

આજકાલ વ્યવહારમાં નામ પાડવાનો હક્ક બાળકની ફઈનો છે તે રૂઢી પ્રમાણે 'ઓળી-ઝોળી પીપળ - પાન - ફઈએ પાડવું... નામ - કહી નામ પાડે છે. કેટલાક કુટુંબોમાં મોસાળ પક્ષ અલગ નામ પાડે છે અને મોસાળમાં તેજ નામે બોલાવાય છે. નામ સંસ્કારના દિવસે પણ પૂજા રાખવામાં આવે છે, તે દિવસે બાળકને પારણામાં સુવડાવે છે. આ સંસ્કારમાં ઘણી જ્ઞાતિમાં છઠ્ઠા દિવસે પણ કરાય છે તે ત્યારે પુત્રી હોય તો લક્ષ્મીની તથા પુત્ર હોય તો ગણપતિ પૂજન થાય છે. કુટુંબીજનો મંગલ ગીતો ગાય છે. બાળક પ્રથમ માતાની ગોદમાંથી છૂટો પડે છે નામ માટે નક્ષત્ર - રાશી જોઈને તેના અક્ષરો માન્ય ગણવામાં આવે છે.'

● અન્નપ્રાશન સંસ્કાર

બાળક છ માસનું થાય ત્યારે માતાનું ધાવણ તેના વિકાસ માટે પૂરતું હોતું નથી તેથી ચરક તથા સુશ્રૂત જેવા વૈદ્યોએ અન્ન આપવા ભલામણ કરી છે. બાળકને પૌષ્ટિક એવું અન્ન અપાય છે તેમાં ભાત- દહીં મધ ઈત્યાદિ પ્રથમ પ્રવાહી સ્વરૂપે ને પછી સધન સ્વરૂપે આપવાનો પ્રારંભ કરવો. તે દિવસે પતિપત્નીને ભગવાનની પૂજા, સ્વસ્તિવાચન, માતૃકાપૂજન ઈત્યાદિ કર્મ કરવા વેદી તૈયાર કરી અગ્નિ પ્રગટાવી અગ્નિની પૂજા કરવી. ચોખાના ચર હોમ માટે કરવા ઘીની આહુતિ આપી. મંત્રો બોલવા. ૐ દેવી વાચમઝયન્ત દેવાસ્તાં વિશ્વરૂપા પશવો વદન્તિ । ત્યાર પછી નીચે બતાવેલા પાંચ મંત્રો ભણી ચરની પાંચ આહુતિ આપવી.

ૐ પ્રાણેનાત્મમશીય સ્વાહાઃ ૐ અપાનેન ગન્ધાનશીયસ્વાહાઃ

ૐ ચક્ષુષા રૂપાળ્યાશીય સ્વાહાઃ ૐ શ્રોતેણ પશોડશીય સ્વાહાઃ

ૐ અગ્ને સ્વિષ્ટકૃ ને સ્વાહાઃ

ત્યાર પછી બાળકને માતાના ખોળામાં બેસાજી સોના કે રૂપાની ચમચી વડે સારી પકાવેલ પદાર્થ લઈ પિતાએ આહુતિ જેમ અપાય છે તેમ ''ૐ હન્ત'' બોલી બાળકને પ્રાશન કરાવવું. આ પૂર્ણ સંસ્કાર પાછળનો હેતુ એ છે કે ભોજન કરવું તે પણ યજ્ઞ છે. તેમાં શુદ્ધતા જળવાય. બાળકને પૂરતું પોષણ મળે અને તેનો સમુચિત વિકાસ થાય. બાળકને વિવિધ સ્વાદ પરત્વે રૂચિ કેળવાય. આ સમયે બાળક ભવિષ્યમાં જે રીતે આજીવિકા પ્રાપ્ત કરશે તેની આગાહી કરવામાં આવે છે. બાળક સમક્ષ પુસ્તક, દ્રવ્ય, શસ્ત્ર, શિલ્પ- મૂર્તિ ઈત્યાદિ પદાર્થો ગોઠવવા. બાળક પ્રથમ જેનો સ્પર્શ કરે તે તેના ભાવી આજીવિકાનું સાધન બનશે તેવું 'કારિકા'માં જણાવાયું છે.

● નિષ્ક્રમણ તથા કર્ણવેધ સંસ્કાર

આ બંને સંસ્કારો લગભગ થતા નથી. નિષ્ક્રમણ એટલે બાળકને પ્રથમ ઘર બહાર લાવવું. તે ત્રીજા મહિના થતો સંસ્કાર હતો. ત્યારે બાળકને સૂર્યનું દર્શન કરવાનું. આજના યુગમાં જન્મ પછીના બીજા દિવસે જ હોસ્પિટલમાંથી ઘરે બાળકને લવાય છે. તેથી આ સંસ્કારનું મહત્ત્વ નથી રહ્યું. કર્ણવેધમાં બાળકનાં કાન ઉપલા ભાગમાં વેધ કરી કડી પહેરાવવી જે છેલકડી કહેવાતી. જે સંસ્કાર આજે થતો નથી.

● ચૌલ સંસ્કાર (ચૂડા કર્મ... વાળ - મોવાળા ઉતારવવા)

આ સંસ્કાર સામાન્યતઃ તમામ જ્ઞાતિમાં કરવામાં આવે છે. જન્મ વખતે બાળકના માથા પરના વાળ અશુભ મનાય છે. તેને શીખા જેટલા રાખી અન્ય વાળનું મુંડન કરવામાં આવે છે. પ્રથમ વાળને માટીના વાસણમાં એકઠા કરી જળમાં પધરાવવામાં આવે છે. આ સંસ્કારનો ઉલ્ખ વૈદિક ગ્રંથો - બ્રાહ્મણ ગ્રંથો, સ્મૃતિ ગ્રંથો - તમામ ધર્મગ્રંથોમાં મળે છે. તેથી આ અગત્યનો સંસ્કાર મનાય છે. આ સંસ્કારના સમય પરત્વે પારસ્કરાચાર્યે એક વર્ષ અને વધારેમાં વધારે ત્રણ વર્ષ પુરા થાય તે પહેલાં કરવા જણાવ્યું છે. નારદ સ્મૃતિમાં પણ પ્રથમ વર્ષને શ્રેષ્ઠ તથા ત્રીજા વરસને મધ્યમ કહેલ છે.

આ દિવસે માતાપિતાએ મંગલ સ્નાન કરી ચોલ સંસ્કાર કરવાનાં સંકલ્પ કરવો. તેને આનુશાંગિક પૂજન ઈત્યાદિ કરવા વેદિમાં સભ્ય નામનું અગ્નિ સ્થાપન કરવું તથા તેમાં ઘીની નવ આહુતિઓ આપવી. જેમાં પ્રજાપતિ, ઈન્દ્ર, સોમ, અગ્નિ તથ વરૂણ આદિ દેવોનાં નામે આહુતિ અપાય છે.

ત્યાર પછી બાળકને પાટલા પર બેસાડી માથાના વાળને પલાળવા - પલેળેલા વાળ ગુંચવાઈ જાય તો આળવા ને પછી ત્રણ દર્ભ લઈ - બાળકના વાળ ડાબે હાથે ઝાલી - દર્ભને વાળનાં દક્ષિણ બાજુથી કાપવા તેવી જ રીતે ચારે દિસામાં ચારે બાજુથી થોડા થોડા વાળ બાળકના પિતાએ કાપવા, કપાયેલા વાળ માટીનાં પાત્રમાં એકઠા કરવા. આ દરેક વખતે બોલવાના મંત્રો પિતાએ બોલતા જવા. ચારે બાજુ વાળ કપાય પછી વાળંદને આગળનું કાર્ય સોંપવું.

આ સંસ્કાર પ્રથમ ઘર આંગણએ થતો. હાલમાં દેવાલયમાં કુળદેવીના સ્થાને કરાય છે. ઘણી જ્ઞાતિમાં બાળકની ફઈ વાળ પોતાના ખોળામાં ઝીલે છે. તેને વાળની ભારોભાર સુવર્ણ દાન અપાતું. આ સંસ્કારથી બાળક તંદુરસ્ત રહે છે જો આ સંસ્કારના દિવસે બાળકની માતાને રજોદર્શન થાય, તો સંસ્કાર ન કરવા. માતા ગર્ભિણી હોય તો સંસ્કાર ન કરવા, બાળક નબળું રોગી કે તાવ ઉધરસથી પીડાતું હોય તો પણ આ સંસ્કાર ન કરવા.

શૈશવના આ ત્રણે સંસ્કારોના મંત્રો છે તે યાદ રાખવું. (ચાલુ)

# આપણી ગરવી ગુજરાતી ભાષાનું જતન થાય અને સદાકાળ તે ઉત્તરોત્તર ફૂલતી - ફાલતી રહે અને ભાવકો અને વાંચકો વાંચતા રહે તેવી મનોવાંચ્છના સહ શુભેચ્છા

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

(ગતાંકથી આગળ...)

**મૂળજી :** આપશ્રીએ અત્યાર સુધીમાં કયા કયા સાહિત્ય પ્રકારોમાં ખેડાણ - સર્જન કર્યું છે?

**પ્રવીણભાઇ :** કવિતા, વાર્તા અને વિવેચનમાં.

**મૂળજી :** આપકશ્રીને કયા કયા એવોર્ડ કે પારિતોષિક, કયા સર્જન માટે મળેલ છે?

**પ્રવીણભાઇ :** ૧૯૭૭ માં "સૂરજ પંખી" વાર્તાસંગ્રહને સરકારશ્રીનો પ્રથમ એવોર્ડ. 'કલાપીતીર્થ' નો પ્રથમ અવોર્ડ મળ્યો છે.

**મૂળજી :** એવોર્ડ કે પારિતોષિકથી સાહિત્ય સર્જનમાં કોઇ ફરક પડે કે કેમ? આ બાબતમાં આપશ્રીનું મંતવ્ય શું છે?

**પ્રવીણભાઇ :** હા, પ્રોત્સાહન મળે ખરૂં! તે જરૂરી પણ છે.

**મૂળજી :** 'ગુજરાતી સાહિત્ય પરિષદ' વિશે આપશ્રીનું મંતવ્ય શું છે?

**પ્રવીણભાઇ :** એક સારી સંસ્થા હોય અને પોતાનું મકાન હોય તેવી આ એક જ સંસ્થા છે, અન્ય રાજયોમાં કયાંક નથી, તે તેનું જમા પાસું છે. પોતાનાં કાર્યોમાં નવા લેખકોનું લેખન કૌશલ્ય વિકશે. કોલેજોમાં વિદ્યાર્થીઓ પણ આમાં આવે તે ખૂબ જ જરૂરી છે. સાહિત્ય પરિષદનું કાર્ય ફક્ત ઉત્તમ રચવાનું નથી, પરંતુ લોકોને આ તરફ વાળીને રંધો મારવાનું કામ કરી શકે - આમ ઓપ આપવાનું છે, જે થતું નથી. કુંભારના ટપલાથી જેમ, જે ઉદ્દેશથી વાસણને સરખો ઘાટ આપવાનું છે. પ્રોત્સાહન મળતું નથી. સાહિત્યનો વિકાસ થાય તેવું કરવું જોઇએ. અકાદમીનું પણ આ જ કાર્ય છે. સંસ્થાનું કામ લખનારને પ્રોત્સાહિત કરવાનું છે, તેને વખોડીને નિરૂત્સાહિત કરવાનું નથી.

**મૂળજી :** આજનો સાહિત્યકાર કીર્તિલોલુપ છે કે કલા ખાતર લખનાર છે? આ બાબતે આપશ્રીનું શું માનવું છે?

**પ્રવીણભાઇ :** કલાકાર છે એટલે કલા ખાતર લખે છે એ તો છે જ, પરંતુ કોઇ પણ લેખક/સાહિત્યકાર કે સર્જકને કીર્તિની ખેવના તો અવશ્ય હોય જ, ન હોય તેવું હું માનતો નથી. અને આ માનવસહજ બાબત છે, તેમાંથી મારી દૃષ્ટિએ કોઇ બાકાત નથી. પ્રગટ કરવાની મહેચ્છા એ જ યશ અને કીર્તિ માટેની વાંચ્છના છે અને જો તેમ ન હોય તો સાહિત્ય પ્રગટ કરવાની શું જરૂર છે?

**મૂળજી :** 'આનંદેન સંયુભ્યતે ઇતિ સાહિત્યમ્' આ બાબતે આપનો અભિપ્રાય શું છે?

**પ્રવીણભાઇ :** સાહિત્ય આનંદ સાથે સંદેશ આપે તે પણ જરૂરી છે. ફક્ત આનંદ માટેનું જે સાહિત્ય હોય તે જે તે વ્યક્તિ પૂરતું મર્યાદિત રહે છે.

**મૂળજી :** આપના પ્રિય સર્જકો કયાં છે? તેમની કઇ કૃતિઓ આપને આકર્ષે છે?

**પ્રવીણભાઇ :** મેઘાણી - લોકસાહિત્ય માટે.

પન્નાલાલ-માનવીની ભવાઇ-મેસેજ કથા, મળેલા જીવ-પ્રણયકથા

ક.મ.મુનશી - પાટણની પ્રભુતા

ર.વ.દેસાઇ - ગ્રામલક્ષ્મી

કલાપી - કાવ્યો, મોહમ્મદ માંકડ, નવલકથાઓ

રવિન્દ્રનાથ ટાગોર

કવિ કાલીદાસ

રશિયન લેખક - જેખોવ ગોરકી, દોસ્તો યેવસ્કીન

અંગ્રેજી - શેક્સપિયર, હેમિંગ્વે, ડી.એચ. લોરેન્સ

**મૂળજી :** આપશ્રીને દલિત સાહિત્ય શા માટે પસંદ છે? તમે અદલિત હોવા છતાં દલિત સાહિત્ય શા માટે કહેવડાવો છો?

**પ્રવીણભાઇ :** સને ૧૯૭૭-૭૮માં કોલેજમાં ભણતા મિત્રો સાથે ચર્ચામાં જાણવા મળ્યું કે મરાઠીમાં દલિત કાવ્યોમાં વ્યથાની કથા લીંપાયછે. દલિત પોતે જ પીડા, અપમાન અને અવહેલનાની પીડાની અભિવ્યક્તિ કરતા હોય તેવા કાવ્યોમાં 'આક્રોશ' પ્રથમ કાવ્ય સંગ્રહ પ્રગટ થયો. તેમાં દલિત સમાજનાં દુઃખો, પીડા કવિતા દ્વારા વ્યક્ત કરી, દલિત અને ખાસ કરીને અસ્પૃશ્ય સમાજના અપમાનના અનુભવ થાય છે, તેની અભિવ્યક્તિ સાહિત્ય સ્વરૂપે કરવાની શરૂઆત થઇ તેને દલિત સાહિત્ય કહેવાય. દલિતોનાં દુઃખ, પીડા અને અવહેલનાને ઉજાગર કરવા દલિત સાહિત્યની જરૂર છે જ. શું ચારણી સાહિત્ય, જૈન સાહિત્ય, બ્લેક લીટરેચર નથી? મેં દલિતોનાં દુઃખ, દર્દ, અવહેલના નજીકથી નિહાળ્યા છે અને તે પ્રત્યે મને અનુકંપા છે તથા દલિતો પ્રત્યેની આભડછેટ અને અવહેલના માનવ અધિકારોનાં હનન બરાબર હોઇ હું તેને ધિક્કારૂં છું અને દલિત સાહિત્ય લખું છું. હું દલિતો પીડીતોનો ચારણ છું. દલિતો પોતે જ પોતાના વિશે લકે તો તે સ્વાભાવિક રીતે ધારદાર બની શકે પરંતુ સહપ્રવાસી એવા બીનદલિતો પણ પરાયી પીડ આત્મસાત્ કરીને તેને પણ અભિવ્યક્ત કરે તો કંઇ ખોટું નથી, તે ખૂબ આવકાર્ય છે. રમેશ પારેખ જેવા બીન દલિતો પણ આમાં જોડાયેલા છે.

**મૂળજી :** સાંપ્રત સમાજમાં વિકૃતિઓનાં વધેલ વ્યાપ તથા માનવ મૂલ્યોના થઇ રહેલ ધોવાણ અને હનન તરફ સાહિત્ય સર્જકોની જવાબદારી અને કર્તવ્ય અંગે આપશ્રીનું મંતવ્ય જણાવશો?

**પ્રવીણભાઇ :** સમાજની વિકૃતિઓ અને સારાપણું આદિ-અનાદિ કાળથી ચાલ્યું આવે છે. આ બધું અત્યારે જ છે એવું નથી. કલાકાર - સાહિત્યકારની જવાબદારી નથી. સાહિત્યકાર સાહિત્યનો માધ્યમથી તેમાં યોગદાન આપી શકે પરંતુ તે તેની અંગત બાબત બની જાય. સાહિત્ય સર્જકો ઉપર પૂરેપૂરી જવાબદારી લાદી શકાય નહીં અને તે તેમનું કર્તવ્ય પણ નથી. હા, યોગદાન જરૂર આપી શકે, ફરજ પાડી શકાય નહીં.

**મૂળજી :** સાહિત્ય સર્જક અને પુસ્તકો/લાઇબ્રેરીની સંગત વિષે આપશ્રીનું મંતવ્ય શું છે?

**પ્રવીણભાઇ :** પૂર્વજોનું સાહિત્ય (કલાસીક) જાણવા/વાંચવા પુસ્તકો/ લાઇબ્રેરી આવશ્યક છે, ભેગી સંગતથી કૌશલ વિકશે છે. પથ્થરમાંથી મૂર્તિ ઘડવા કયાં કેવી રીતે ટાંકણા મારવામાં - ખાસ કામ માટે અભ્યાસની જરૂર છે. બીજી કળાઓમાં જેમ શીખવાની જરૂર છે તેમ સાહિત્ય માટે પણ વાંચન અને મનનની જરૂર છે એમ હું માનું છું.

**મૂળજી :** આપશ્રીના અંગત લાઇબ્રેરીમાં કેટલાં અને મુખ્યત્વે કયા કયા પ્રકારનાં પુસ્તકો છે?

**પ્રવીણભાઇ :** આશરે ત્રણેક હજાર પુસ્તકો છે. જેમાં સાહિત્યને લગતાં - કવિતા, વાર્તા, નવલકથા, દલિત સાહિત્ય, ઇતિહાસ, રાજકારણ, ફિલોસોફી, પ્રવાસ, વાઇલ્ડ લાઇફ, પ્રકૃતિ વિગેરેનાં પુસ્તકો છે. જેમાં ધાર્મિક તરીકે - ફીલોસોફીનાં - ચિંતનનાં પુસ્તકોનો સમાવેશ થાય છે.

**મૂળજી :** આપે દલિત સાહિત્યમાં પણ ખેડાણ કર્યું છે, તો દલિત સાહિત્ય વિશેનો આપનો અંગત અભિપ્રાય શું છે?

**પ્રવીણભાઇ :** બંને સાહિત્યમાં ખેડાણ કર્યું છે. દલિત સાહિત્ય હોવું જોઇએ. પીડિત, દલિત સમાજની સમસ્યાઓને તે અભિવ્યક્ત કરે છે. જેમણે અનુભવ મેળવ્યો છે - સહન કર્યુ છે તે લખે તો, સમાજને તેનું ભાન થાય કે કંઇક તેઓ ખોટું કરી રહ્યા છે. દરેક સમાજનો ચહેરો સાહિત્યમાં ઝીલાય છે. દલિતોનાં - વંચિતોનો - કચડાયેલાના માનવીય હક્કો અને સ્વમાનો પ્રત્યે સમાજ સતત જાગૃત અને સતર્ક રહે તે માટે દલિત સાહિત્ય જરૂરી છે એન આ દલિત સાહિત્યને હું દિલથી આવકારૂં છું. દરેક સાહિત્યકાર નામનાં માટે જ આવે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# બાપના હૃદયની વેદના બાપને જ સમજાય. અમથાભાઇના હૃદયમાં પારાવાર રોષ હતો, હોળીના દિવસો આવ્યા, ચારેકોર સૌ યથાશક્તિ આનંદ મનાવતા હતા, આનંદ ન હતો માત્ર આ પરિવારમાં

## મધરાતે ટકોરા વાર્તા

- હર્ષદરાય ઉપાધ્યાય

જોરૂભા બાપુની ગામમાં જબરી ધાક હતી. કાચાપોચા માણસનું તેમની સામેથી પસાર થવું પણ સંભવ ન હતું. તેમનાં માણસોનાં અત્યાચારો અને ધાકથી સૌ ફફડતાં હતા અને કેમ ના ડરે કારણ કે તેમના ચાર ચાર જુવાનજોધ દીકરા ખાઇ પીને અલમસ્ત બની ગયા હતા. લોકોને રંજાડવાની એક પણ તક તેઓ જતી કરતા નહીં. દૂરના ગામમાં પોલીસની પહોંચ ના બરાબર હતી, એને જે કોઇ પોલીસ ઓફિસર ગામની મુલાકાતે આવતા તેઓ બાપુની મહેમાનગતિ અચૂક માણતા અને "તૂચ્છ ભેટ" માં મોટી રકમ સેરવી લેતા. બદલામાં આંખ આડા કાન થતા.

વાર પ્રસંગે બાઇ માણસની છેડતી સામાન્ય ઘટના ગણાતી. કેટલીય માસૂમ ચીસો તેમની હવેલીમાં હંમેશ માટે દબાઇ જતી. સૌ જાણતા હોવા છતાં મુંગા રહેવામાં જ પોતાની ભલાઇ સમજતા. સમગ્ર પંથકમાં જોરૂભાના તથા તેમના કપૂતોની બેરોકટોક અત્યાચારી ધાક હતી. સામાન્ય ગુનાની સજા હૈયું કંપોવ તેવી હતી. લાચાર આ વિસ્તારના લોકો ન છૂટકે તેમને માન-પાન આપી ખોટી પ્રશંસા કરતા અને તેમના હુકમનું પાલન કરતા.

આ ગામના છેવાડાના ભાગ તરફ એક ગરીબ પરિવાર મહેનત મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો. પરિવારમાં ચાર સભ્યો હતા. ઘરના મોથી એવા અમથાભાઇ વૃદ્ધત્વને આરે પહોંચ્યા હતા. પચાસ વર્ષની ઉંમરમાં ગરીબાઇએ તેમનું શરીર અશક્ત જેવું કરી મૂક્યું હતું. સમજુબા એમનાં પત્ની અને પગે ખોડ હોવાથી ખોડી ડોશી તરીકે ઓળખાતાં. તેમનો મોટો પુત્ર કનક પંદરેક વર્ષનો હતો. અને દીકરી આશા સત્તરેક વર્ષની હતી. પૈસેટકે ગરીબ પરિવાર સંતોષથી જીવતો હતો. દીકરો અને બાપ ખેતમજૂર હતા. મા અને દીકરી પણ ખેતરમાં તેમને મદદ કરતાં. ઉપરાંત. છૂટક મજૂરી પણ કરી લેતાં. છાણાં થાપવાં, લાકડા કાપી બળતણ એકઠું કરવું. જેવા કામ તેમને માટે જાણે સર્જાયા હતા. થાગડથીગડ વસ્ત્રોમાં ખાનદાની ભરેલી હતી. ગરીબાઇમાં અગવડ વેઠતાં પણ કોઇ આગળ હાથ લાંબો ન કરતો આ ગરીબ પરિવારનું ઘર પણ સામાન્ય જ હતું.

ઘર આગળ એક ગાય બાંધેલી હતી. ત્યારબાદ લીંપેલું સ્વચ્છ પટનું આવેલું હતું. પટમાના છેડે લાકડાના પાતળાં થળીયાં રોપી કોઢ અને પટમાથી વચ્ચે વાડ બનાવી હતી.

ઘરના આગળ માટીની સહેજ ઊંચી પાળી ચણેલી હતી અને તેને ખૂણે ચૂલો ગોઠવી રસોડું ઊભું કરેલું હતું. ઘરમાં બે ઓરડા સળંગ હતા અને છેલ્લે ઓરડાના બારણા પછી વાડો હતો. જયાં ઘાસ જેવું ઊગી રહેતું અને ત્યાંથી આગળ જંગલ જેવું ફાલેલું હતું.

દિવાળી પછીના દિવસોમાં ખેતરો લહેરાતાં હતા. ઘરનાં ચારે સભ્યો મજૂરીમાં લાગેલાં હતા. એક દિવસની વાત છે.

આડે થોડું વધું કામ કરી લેવાની લાહ્યમાં સમજુને હાથે દાતરડું વાગ્યું. દળદળ લોહી વહેવા લાગ્યું... ગભરાયેલાં કનકે માનો હાથ કપડાની વીંટી ઝડપથી ઘર તરફ જતાં બહેન આશાને સાદ કરી જાણ કરી. આશા ચિંતામાં પડી પણ કામ પણ જરૂરી હોઇ તે અને અમથાભાઇ ખેતરમાં રહ્યા.

ભાઇ અને માની ગેરહાજરીથી કામ વધી જતાં આજે અંધારૂં થઇ ગયું. મોડેથી આ બાપ-દીકરી ઘર તરફ ચાલવા લાગ્યા. ગામના પાદરે નાળીયામાં પહોંચતા તો બિલકુલ અંધારૂં થઇ રહ્યું. જોરૂભાના ચારે છોકરાં આવા મોકાની તલાશમાં હતા. લાગ જોઇ બેઠેલા ચારેએ આશાને મોં દબાવી ઉપાડી લીધી અમથાભાઇ તો એટલા બધા ડરી ગયા કે ન તો તે બોલી શક્યા ન કશો વિરોધ કરી શક્યા.

મોડી રાત્રી સુધી બાપુ અને બહેન ન આવતાં કનકે તપાસ શરૂ કરી તો નાળીયામાં અર્ધબેભાન પિતા મળી આવ્યા. સમગ્ર ઘટનાથી ઘરનાં ત્રણે કંપની ઉઠ્યા. આખો પરિવાર ફફડી ઊઠ્યો હતો. કાંપતો હતો. રૂદન રોકી શકાય તેમ ન હતું.બીજા દિવસે નદીના કોતરમાંથી અર્ધનગ્ન લાશ મળી આવી. આશાનો જીવનદીપ બૂઝાઇ ચૂક્યો હતો. સમગ્ર પરિવાર - ગામ અને પંથકમાં હાહાકાર વ્યાપી ગયો હતો. દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. અમથાભાઇ તે દિવસથી લગભગ મુંગા જેવા થઇ રહ્યા. ભારે પીડા-ક્રોધ અને દુઃખનો સમય ધીરે ધીરે તેઓ કાપવા લાગ્યા. મડદા જેવા બાપને જોતાં કનક છાનોમાનો રડી પડતો.

બાપના હૃદયની વેદના બાપને જ સમજાય. અમથાભાઇના હૃદયમાં પારાવાર રોષ હતો. હોળીના દિવસો આવ્યા. ચારેકોર સૌ યથાશક્તિ આનંદ મનાવતા હતા. આનંદ ન હતો માત્ર આ પરિવારમાં.

જોરૂભાની હવેલીમાં જલસો હતો. અફીણ - ગાંજો અને ભાંગના તથા દારૂના નશાનો માહોલ હતો. સૌ મસ્ત હતા ઉપર ભવ્ય ઓરડામાં જોરૂભાના ચારે છોકરા મદમસ્ત થઇ શરાબપાન કરી રહ્યા હતા. ધીરે ધીરે રાત જામવા લાગી. આ મસ્તીના માહોલમાં અને રંગના તહેવારમાં સૌના ચહેરા રંગ ગુલાલવાળા હતા. આ બધામાં એક લથડાતો - ઓબો ભીંતના પડછાયામાં સરકીને ઉપર દાદર સુધી પહોંચી ગયો હતો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# બહુ પ્રેમાળ અને શાણી મુસ્લિમ છોકરી હતી પણ શું રૂપ હતું ! રૂપનું એને જરાકે અભિમાન નહિ, વળી કામ કરવામાં જરાકે આળસ નહિ કે શરમ નહીં, ભગવાન આવા લોકોને કયા જનમનો બદલો આપતો હશે?

## ભાગી છૂટેલા સં-વેદના

- જય ગજ્જર

(ગતાંકથી આગળ...)

પરી જેવી સત્તરેક વર્ષની એક મુસ્લિમ છોકરી માથે ઘાસનો પોટલો લઈને આવતી હતી. એના રૂપ પાછળ ઘેલા બની એક રખડેલ લફંગાએ એની સામે ઊભા રહી, એના માથેથો પોટલું ફગાવી એની સામે ઊભા રહી. 'તારા રૂપનો બંધાણી' બોલી એના બ્લાઉઝનાં બટન ખેંચ્યા. એ નફ્ફટની અવળચંડાઈ અને પેલી છોકરીની ભયભીત બનેલી આંખોએ મને ઉશ્કેર્યો. દોડીને એની ફેટ પકડી ભોંય ભેગો કરી દીધો. પેલી છોકરીનું ઘાસનું પોટલું એના માથે મુકાવી બોલ્યો, 'જાઓ હવે જલ્દી ઘર ભેગાં થઈ જાઓ.' આંખનો એક ઉલાળો કરી આભાર માની એ તો ગઈ. પણ મારા દિલમાં વસી ગઈ. અમારા ખેતરની બાજુમાં જ એનું ખેતર હતું એટલે વારંવાર મળવાનું થઈ રહ્યું. એને ગાવાનો બહુ શોખ હતો એટલે જયારે મળીએ ત્યારે એકાદ નવું ગીત મને સંભળાવતી. એના રૂપ અને પેલા મધુર કંઠે મને પાગલ બનાવ્યો. એને મારી ઘરવાળી બનાવવામાં સપનાં સેવવા લાગ્યો. મારી મા પાસે હૈયું ખોલું એ પહેલાં એના બાપે મારાથી છૂટવા કડીના એક છોકરા સાથે એણે પરણાવી દીધી. લગ્નના આગલા દિવસે હું એને મળેલો. 'ઘર છોડી ભાગી જવા' મેં એને બહુ સમજાવી પણ એના બાપની બીકે મારી જિંદગી હોડમાં મૂકવા એ તૈયાર નહોતી. એ મારે ખભે એનું માથું મુકી હૈયાફાટ રડી. 'નસીબમાં આપણું મિલન નહિ હોય... આલમ કોઈ સારી છોકરી મળો તે મને ભૂલીને પરણી જજે. એ ગઈ તે ગઈ... પછી કદી જોવા જ ન મળી. એ પછી મારી અમ્માજાન ગુજરી જતાં કાકાને મારી હાજરી નહોતી ગમતી. એટલે ગામ છોડી હું મુંબઈ ભાગી આવ્યો. એની છબી મારા હૈયામાં એવી કોતરાઈ ગઈ છે કે બીજી કોઈ સ્ત્રી એનું સ્થાન લઈ શકે એવી પ્રેમાળ મળી જ નહીં. એની આંખોમાં નીતરતા પ્રેમને, સુરીલા કંઠમાંથી નીકળતા મધુર સૂરને અને જતાં જતાં ગાલ પર કરેલ એક પ્રેમભર્યા ચુંબનને જિંદગીભર ભૂલીશ નહીં. કયારેક રાતે સપનામાં આવીને મને ધમકાવી જાય છે.

'યૌવનને વેડફી દેવાને બદલે કયાંક પરણી જા ને!' પણ મારા જીવનમાં એ શક્ય જ ન બન્યું અને કદાચ કદી નહી બને... ગીતા તુમ ભી કિસીસે શક્ય જ ન બન્યું અને કદાચ કદી નહિ બને... ગીતા, તુમ ભી કિસીસે પ્યાર કરો તો પ્યાર ગુલો બુલબુશ શા કરના...' એ શબ્દો હજુય મારા અંતરમાં ગુંજયા કરે છે!

અને આલમે એક સુરીલા કંઠમાં એ આખું ગીત ગાયું.

ગીત પૂરૂં થતાં ગીતાએ પૂછ્યું, 'તમે કયાંક એના નામનો ઉલ્લેખ ન કર્યો. શું નામ હતું તમારી એ મહેબૂબાનું?'

'ફાતમા... એ બિચારી મારી યાદમાં ઝૂરતી હશે કે એના પતિની સોડમાં સુખનાં હિડોળે ઝૂલતી વિરહનાં ગીતો લલકારતી હશે.'

'વાહ, શું અલૌકિક તમારો પ્રેમ હતો! આણલદે અને ઢોલરાની વાત યાદ આવી જાય છે!'

ફાતમા નામ સાંભળી ગીતા ઊંડા વિચારોમાં ગરકાવ થઈ ગઈ. એના ઘેર કપડાં ધોવા આવતી એનાં ગામની ફાતમા એની આંખ સામે રમી રહી.

ગીતાના ડેડીએ એક દિવસ એને પરાણએ કપડાં ધોવા ગામને તળાવે મોકલી. દસ દિવસથી કામવાળી આવતી નહોતી. એટલે કપડાંનો ઢગ થઈ ગયો હતો. રોજ નિયમિત કપડાં ધોવા આવનારને આમ એકાએક શું થયું હશે? એના વિચારો કરતા ગામના એ તળાવે પહોંચી. ફાતમા પર મનોમન ઊભરો કાઢતી જલદી જલદી કપડાં ધોઈ એણે ઘરે જતાં પૂંઠ ફેરવી તો એક છેડે ફાતમાને કપડાં ધોતી જોઈ એની પાસે દોડી ગઈ અને ઊંચા સાદે બોલી, 'કેમ અલી શું ધોયું છે? કપડાં ધોવા કેમ આવતી નથી?'

'બૂન, આમ ગુસ્સે ન થાઓ. બે દિવસ પછી નિયમિત આવી જઈશ. પંદર દિવસ હું નીકળી શકું એમ નહોતી.'કહેતાં રડવા લાગી..

'કેમ અલી, એવું તે શું થયું છે?' શાંત થઈ ગીતાએ પૂછ્યું.

'જે થયું તે એક રીતે તો સારૂં થયું. મારો ઘણી મૂઓ મરી ગયો.'

'અલી, ઘણી મરી ગયો અને શોક હોવો જોઈએ અને તું સારૂં થયું એમ કહે છે?'

'મૂઓ મરી ગયો તે. એનાં સકંજામાંથી તો છૂટી. એક તો નપુંસક હતો ને પાછી દારૂની લતે ચઢ્યો હતો. એ બે કારણે એની નિર્બળતા ઢાંકવા રોજ મને મારપીટ કરતો. કયારેક સહેવાય નહીં એટલું બેફામ મારતો...'

'તો ઘરમાં કોઈને કે પોલીસમાં ફરિયાદ કરવી જોઈએ ને!'

'સસરા બે વર્ષ પહેલાં ગયા વર્ષે સાસુ પણ ગયા. એટલે ફરિયાદ કરવા જેવું કોઈ રહ્યું નહિ. પોલીસમાં જાઉં તો મારો એ ટાંટિયા તોડી નાખવાની ધમકી આપતો. હું કયું એ નાલાયકના પનારે પડી. એક યુવાન છોકરો મને બહુ પ્રેમ કરતો હતો અને પરણવા માગતો હતો પણ મારા બાપે મારા પર ગુસ્સે થઈ એક નફ્ફટ સાથે પરણાવી દીધી. બૂન કોઈને કહેવાય નહિ અને સહેવાય નહી એવા નરકમાં ફસાઈ ગઈ. એ તો ગયો. હવે કામ નહી કરૂં તો ખાઈશ શું? બે દિવસ પછી હું કામ કરવા આવી જઈશ. બીજા કોઈનું કામ હોય તો પણ મને કહેજો. તમારૂં ભલું થશે.'

'સારૂં જા કાલથી નિયમિત આવી જજે. બેચાર કામ પણ તને શોધી આપીશ.'

એની સાથે વાતોમાં ઘરે પહોંચતાં મને મોડું થયું. મારી માની અવગણના કરી મારા ઓરમાન બાપે મને ઢોરમાર માર્યો. એક બાપને ન શોભે એવાં ન કહેવાનાં હલકાં વેણ કહ્યાં. એ ઓરમાન બાપુનું ઘર છોડી હું કડી સ્ટેશને ઊભેલાં એક ગાડીમાં ચઢી બેઠી. એ બિચારી કામવાળી મારી રાહ જોઈ રડ્યા કરતી હશે. બહુ પ્રેમાળ અને શાણી મુસ્લિમ છોકરી હતી પણ શું રૂપ હતું! રૂપનું એને જરાકે અભિમાન નહિ. વળી કામ કરવામાં જરાકે આળસ નહિ કે શરમ નહીં. ભગવાન આવા લોકોને કયા જનમનો બદલો આપતો હશે?

સપનામાં ખોવાઈ ગયેલા આલમે ચોંકીને પૂછ્યું, 'શું કરવું? કડીની ફાતિમા? એ મારી ફાતમા તો નહિ હોય?'

'શી ખબર પડે? તમારી પાસે એનો કોઈ ફોટો છે ખરો?'

'એની છબિ મારાં અંતરમાં છે એ તને કેવી રીતે બતાવી શકું''

થોડો વિચાર કરી ગીતા બોલી, 'તમે કડી જાઓ તો નક્કી મળી શકે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)